

# મનરેગા યોજના ગુજરાત રાજ્ય

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, ૩ જો માળ, જુના સચિવાલય, ગાંધીનગર

તમારો રોજગાર
તમારો અધિકાર

મફત ફોન કરોઃ
૧૮૦૦ ૨૩૩ ૪૫૬૭



## મનરેગા હેઠળ રોજગારીની તકો

૧. મનરેગા યોજના હેઠળ દરેક ગ્રામીણ કુટુંબને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારીની ખાત્રી મળે છે. આ કાયદા હેઠળ રોજગારી માંગવી એ તમારો અધિકાર છે.
૨. આ કાયદા હેઠળ સ્ત્રી અને પુરુષ બન્ને સમાન મહેનતાણું મેળવે છે. જ્ઞાતિ અને જાતિ બાબતે કોઇ ભેદભાવ રાખવામાં આવ્યો નથી.
૩. શક્ય હશે ત્યાં સુધી તમારા ગામના ૫ કિલોમીટરનાં વિસ્તારમાં કામ આપવામાં આવશે.

## અરજીપત્રક

૪. રોજગારી મેળવવા માટે દરેક કુટુંબ પાસે જોબ કાર્ડ હોવું જરૂરી છે. તે માટેનાં નિયત નમુનામાં મફત ફોર્મ નીચે મુજબના અધિકૃત સંસ્થા/પદાધિકારીશ્રીઓ પાસેથી મેળવી શકાશે.

- સરપંચ
- તલાટી કમ મંત્રી
- ગ્રામ સેવક (આઇઆરડી અને ખેતીવાડી)
- ઉપસરપંચ
- અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય સમિતિ, ગ્રામ પંચાયત
- મહિલા સદસ્યશ્રીઓ ગ્રામ પંચાયત
- આંગણવાડી કેન્દ્ર
- સંચાલકશ્રી, પંડિત દિનદયાળ ઉપાધ્યાય, વ્યાજબી ભાવની દુકાન
- વી.સી.ઇ.ઇ-ગ્રામ સેન્ટર
- મંત્રી/ચેરમેન, દુધ સહકારી મંડળી
- સંચાલકશ્રી, મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર
- સ્વસહાય જુથના વડા/સખી મંડળ

૫. જોબકાર્ડ મેળવવા માટે ગ્રામ પંચાયત કે તાલુકા વિકાસ અધિકારી (કાર્યક્રમ અધિકારી)ને લેખિત અથવા મૌખિક સ્વરૂપે અરજી કરી શકો છો.
૬. જોબકાર્ડ અને ફોટોગ્રાફ મેળવવા માટે કોઇ ચૂકવણું કરશો નહીં. જે અરજદારને મફત મળે છે.
૭. નોંધણી કરાવ્યાના ૧૫ (પંદર) દિવસમાં તમને જોબકાર્ડ આપવામાં આવશે.
૮. ફક્ત જોબકાર્ડ કામની કોઇ ખાતરી આપતું નથી. રોજગાર મેળવવા માટે તમારે કામ માટે અરજી કરવી જરૂરી છે. તમે નીચે જણાવેલ રીતે કામ માટે અરજી/માંગણી કરી શકો છો.

- ગ્રામ પંચાયતને લેખિત અથવા મૌખિક સ્વરૂપે અરજી આપી શકો છો.
- ગુજરાત રાજ્યની અમારી ટેલીફોન સહાય સેવા નંબર ૧૮૦૦૨૩૩૪૫૬૭ ઉપર કોલ કરી શકો છો.
- અમારી વેબસાઇટ www.ruraldev.gujarat.gov.in ઉપર લોગ ઓન કરી શકો છો.

૯. અરજી સ્વીકાર્યા બાદ તમને તમારી અરજીની લેખિત પહોંચ આપવામાં આવશે.
૧૦. કામ માટેની અરજીના ૧૫ (પંદર) દિવસમાં તમને કામ પુરૂં પાડવામાં આવશે.

## વેતન

૧૧. તમે કરેલ કામનાં પ્રમાણમાં તમે વેતન મેળવવા યોગ્ય છો. વધુમાં વધુ રૂા. ૧૪૭ દૈનિક વેતન મળવાપાત્ર છે.
૧૨. તમે કામની માંગણી કર્યાના ૧૫ (પંદર) દિવસની અંદર તમને રોજગારી ન મળે તો તમને દૈનિક બેરોજગારી ભથ્થું ચુકવવામાં આવશે.
૧૩. જો તમને તમારા ગામની પાંચ કિલોમીટરના વિસ્તારની બહાર કામ આપવામાં આવશે તો તમને તમારા દૈનિક વેતનના ૧૦ ટકા વધુ વેતન મળશે.

## ફરિયાદ નિવારણ અને યાદ રાખવાના મુદા:

૧૪. તમે તમારૂં જોબકાર્ડ કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇને આપશો નહીં
૧૫. મનરેગા યોજના અંગે કોઇપણ માહિતી મેળવવા બાબતે નીચે જણાવેલ રીતે સંપર્ક કરી શકો છો.

- ગુજરાત રાજ્ય સહાયતા ટેલીફોન નંબર ૧૮૦૦૨૩૩૪૫૬૭ ઉપર કોલ કરો.
- ગ્રામ રોજગાર સેવક ને જાણ કરો.
- સરપંચ/તલાટી ને જાણ કરો.
- ઇ-ગ્રામ કેન્દ્રો મારફતે અમને જાણ કરો.

૧૬. કોઇ પણ ફરિયાદ માટે તમે નીચેના પૈકી કોઇનો પણ સંપર્ક કરી શકો છો.

- ગામ કક્ષાએ – તલાટી-કમ-મંત્રી.
- તાલુકા કક્ષાએ – તાલુકા વિકાસ અધિકારી (કાર્યક્રમ અધિકારી) તાલુકા પંચાયત.
- જીલ્લા કક્ષાએ – નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી.